# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-12-2024 Day: Wednesday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M-સુશાસન દિવસ ઉજવણી-શિલાન્યાસ લોકાર્પણ :

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ખજુરાહોમાં અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.

શ્રી મોદીએ કેન-બેતવા રિવર નેશનલ લિન્કિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો, જે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજના અંતર્ગત દેશની આ પ્રથમ નદી જોડો યોજના છે.

અટલ બિહારી વાજપેયીની જન્મશતાબ્દી નિમિત્તે પ્રધાનમંત્રીએ ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડ્યો હતો. તેમણે ગ્રામ પંચાયતો માટે એક હજાર 153 અટલ ગ્રામ સુશાસન ભવનોનો શિલાન્યાસ પણ કર્યો હતો.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દિલ્હી સ્થિત સદૈવ અટલ સમાધિ સ્થળ પર પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

---------------------------------------------------------------------------------

## CM-સુશાસન દિવસ લોકાર્પણ:

રાજ્યના સામાન્ય માણસોને વધુને વધુ મદદરૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા છે એમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે જણાવ્યું હતું. પુર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની જન્મશતાબ્દિએ આજે સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમમાં તેમણે અનેક પ્રજાલક્ષી નવી પહેલોનો પ્રારંભ કર્યો હતો.

શ્રી પટેલે ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ, સ્કોલરશીપ અને રેવન્યુ મોનીટરીંગ સિસ્ટમ, સી.એમ. ફેલો વેબસાઈટ, ગુજરાત ઇન્ડિયા વેબ પોર્ટલનું આધુનિકીકરણ જેવી વિવિધ પહેલો શરૂ કરી હતી. મુખ્યમંત્રીએ ડિજિટલ યુનિફાઈડ પોર્ટલ અંતર્ગત પ્રથમ તબક્કે સિંગલ સાઈન

ઑન SSO, એ.આઈ. આધારિત એપ ભાષિણીના ઉપયોગથી "સ્વર" પ્લેટફોર્મ પણ લોંચ કર્યું હતું.

શ્રી પટેલે 'મારી યોજના', 'સ્વાગત 2.ઓ' અને 'કનેક્ટ ગુજરાત' જેવી પહેલ શરૂ કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ 36 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રાજ્યની 34 નગરપાલિકાઓના નવનિર્મિત 'સિટી સિવિક સેન્ટર્સ'નું ઈ-લોકાર્પણ કર્યું હતું.

---

## કિસાન સુર્યોદય યોજના અંતર્ગત 96 ટકા કામગીરી:

સુશાસન દિવસ' નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં દિવસે વિજળી આપવાના મહત્વના નિર્ણયનો રાજ્યના ૯૬ ટકા ગામોમાં અમલ કરીને ખેડૂતોને રાત્રે ઉજાગરામાંથી મુક્તિ આપવામાં આવી છે. રાજ્યના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬,૫૬૧ ગામના ૧૮,૯૫,૭૪૪ જેટલા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનું શરુ કરી દેવામાં આવ્યું છે, તેમ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, "કિસાન સૂર્યોદય યોજના" અંતર્ગત બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો કચ્છ સહિત દેવભૂમિ દ્વારકા અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે.

---

## ભુજ ખાતે સુશાસન દિવસની ઉજવણી:

આજે સમગ્ર દેશની સાથે કચ્છમાં પણ સુશાસન દિવસ મનાવવામાં આવ્યો. ભુજમાં અદાણી ઓડિટોરિયમ ખાતે સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત સુશાસનની ગાથા દર્શાવતી ટૂંકી ફિલ્મનું નિર્દેશન કરાયું હતું તેમજ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી સુર્યઘર યોજના, નમો સરસ્વતી, નમો લક્ષ્મી યોજના, સહિતની યોજનાઓના લાભાર્થીઓને ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જીલ્લા મથક ભુજના વ્યામશાળા ગ્રાઉન્ડ ખાતે સિટી સિવિક સેન્ટરનું ઈ-લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉપરાંત, લખપત તાલુકાના મોટી છેર ગામમાં યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ યોજનાઓનો લાભ મેળવેલ લાભાર્થીઓને સાંસદ વિનોદ ચાવડા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ અંત્યોદય કાર્ડનું વિતરણ કરાયું હતું.

---------------------------------------------------------------------------------

## નાતાલ પર્વની ઉજવણી

કચ્છમાં ખ્રિસ્તી ભાઈ-બહેનો દ્વારા આજે નાતાલ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી  રહી છે.  ભુજ ખાતે આવેલા સેન્ટ એન્ડ્રુઝ ચર્ચમાં આજે ખ્રિસ્તીઓએ  પ્રાર્થના બાદ એકબીજાને મેરી ક્રિસમસ કહી શુભેચ્છાઓ પાઠવી હતી. નાતાલ  પર્વની શુભેચ્છા આપતા ચર્ચના  ફાધર   અજીત ચૌધરીએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ- ફાધર-  અજીત ચૌધરી)

---------------------------------------------------------------------------------